# ગુજરાતી લેક્સીકોન.કૉમનું લોકાર્પણ

## (ગુજરાતી ઈ-શબ્દકોશઃ વિશ્વની ઐતિહાસિક ઘટના)

--બળવંત પટેલ (ગાંધીનગર)

ગુજરાતી ભાષાના ઈતિહાસમાં ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ સીમાસ્તંભ દિવસ તરીકે આલેખાશે. તે દિવસે ગોરજ ટાણે, ચર્ચગેટ, મુંબઈ સ્થિત, ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સના, વાલચંદ હીરાચંદ સભાગૃહમાં, વિશ્વના કોઈપણ પ્રદેશમાં વસતા ગુજરાતી ભાષકને, ચંદરયા ફાઉન્ડેશન અને ઉત્કર્ષ દ્વારા સમર્પિત કરાયો ગુજરાતી શબ્દકોશનો મહાપ્રકલ્પ **www.gujaratilexicon.com** વેબસાઈટ દ્વારા. આ વિરાટ પ્રકલ્પનું લોકાર્પણ સીમાસ્તંભ રૂપ એટલા માટે કે સહુ પ્રથમ વાર, ભાષાનું મહત્ત્વનું અંગ-તેનો શબ્દકોશ, ડિજિટલ સ્વરૂપે, આધુનિક સ્વરૂપે, ૨૧મી સદીની જરૂરિયાતોને પહોંચી વળે તેવા સ્વરૂપે, લોકોને ઉપલબ્ધ કરાયો. કમ્પ્યૂટર પર માત્ર ક્લિક કરવાથી ભાષકની સમક્ષ લહેરાશે શબ્દોનો મહાસાગર, જેમાં છેઃ

ગુજરાતીથી ગુજરાતીઃ શબ્દ અને અર્થઃ ૧૪૯૭૦૯
ગુજરાતીથી અંગ્રેજીઃ શબ્દ અને અંગ્રેજી સમશબ્દઃ ૪૭૯૩૬
અંગ્રેજીથી ગુજરાતીઃ શબ્દ અને ગુજરાતી સમશબ્દઃ ૫૫૩૪૦
ગુજરાતી થિસોરસઃ શબ્દ અને તેના પર્યાયઃ ૧૨૪૦૫
ગુજરાતી વિરુદ્ધાર્થકોશઃ શબ્દ અને તેના વિરુદ્ધાર્થ શબ્દોઃ ૫૬૬૪
રૂઢિપ્રયોગોઃ ભાષાની લાક્ષણિક અભિવ્યક્તિનાં શબ્દઝૂમખાંઃ ૧૫૬૯૪

આ તો વાત થઈ માત્ર કમ્પ્યૂટરની એન્ટ્રીભૂત ચાવીસમા શબ્દોની સંખ્યાની. પરંતુ ચાવીરૂપ શબ્દો સામે અર્થ માટે ઉપલબ્ધ સંખ્યા છે વીસ લાખ! એક મહાનગરની માનવવસતી જેટલા! એક હળવા ટકોરે આ વિશ્વમાં પહોંચી શબ્દશોધ સિદ્ધ કરવાની ક્ષમતા બક્ષી આ આશિષસમ પ્રકલ્પે!

આ લોકાર્પણ થયું ગુજરાતીનાં પ્રતિષ્ઠિત લેખિકા અને તાજેતર સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ધીરુબહેન પટેલના મંગળમય હસ્તે, તથા સમગ્ર પ્રકલ્પ ફળદાયી કરવા, સતત વીસ વરસથી તન, મન, ધનથી મંડી રહેલા અને જનની, જન્મભૂમિની જેમ જ જન્મભાષા-માતૃભાષાને પણ એટલી જ ગરિયસી માનતા રતિલાલ ચંદરયા પ્રત્યે અહોભાવભર્યા વિનમ્ર હૃદયે. તે વેળા સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોનો અહોભાવ પણ તેમાં ભળ્યો.

સમારંભનાં અધ્યક્ષ ધીરુબહેન પટેલ, અતિથિવિશેષ ઈન્ડિયન મર્ચન્ટ્સ એસોશિયેશનના પ્રમુખ શ્રી દીપક પારેખ અને મંચસ્થ મહેમાનો દ્વારા દીપપ્રાગટ્યથી સમારંભનો પ્રારંભ થયો.

સભાનું સંચાલન લંડનસ્થિત એનઆરઆઈ, ગુજરાતીના આકંઠપ્રેમી અને વિચારપત્ર 'ઓપિનિયન' ગુજરાતી માસિકના તંત્રી વિપુલ કલ્યાણીએ ખુબ કુશળતાથી રસપ્રદ રીતે કર્યું.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

મંચસ્થ મહેમાનોનો પરિચય પણ વિપુલભાઈએ આપ્યો. રતિભાઈનો પરિચય આપતાં તેમણે આ પ્રકલ્પના પ્રયોજન તથા રતિભાઈમાં પ્રકલ્પનાં બીજ નંખાયાં ત્યારથી બે દાયકાના અથાગ પ્રયત્નોથી તે ફળદાયી વૃક્ષ કેવી રીતે બન્યો તેની ઝાંખી કરાવી. સાથે સાથે ચંદરયા પરિવારની અછડતી પણ મહત્ત્વની ઓળખ પણ આપી. ઉદ્યોગ અને વ્યાપારક્ષેત્રે વિશ્વના બાસઠ જેટલા દેશોમાં વિસ્તરેલ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં રત ગુજરાતી ડાયસ્પોરાનું એક સંયુક્ત, સંપીલું, તેજસ્વી પરિવાર જે ઉદ્યોગ સાથોસાથ સમાજપ્રત્યેનું ઋણ અદા કરવામાં પણ એટલું જ તત્પર રહી ચંદરયા ટ્રસ્ટ અને અનાર્કે ફાઉન્ડેશન જેવી પરિવાર પ્રસ્થાપિત સંસ્થાઓ દ્વારા માતૃભાષા ગુજરાતી અને ભારતનાં ગ્રામવિસ્તારોનાં પરિવારો (સનેઃ૨૦૦૪-૨૦૦૫માં ૧૮,૨૩,૪૧૨ લાભાર્થી, આર્થિક કદ રૂ. ૧૦૧૯ કરોડ) ને બેઠાં થવામાં ૧૯૭૫થી સહાયભૂત થાય છે. રતિભાઈ આ પરિવારના નબીરા, ચંદરયા પરિવારના સપુત, ૮૪ વર્ષે થોડી શારીરિક તકલીફો છતાં આ પ્રવૃત્તિઓમાં સક્રિય.

અભ્યાસ માત્ર હાઈ સ્કૂલ સુધીનો. બીજા વિશ્વયુદ્ધજનિત સંજોગોને કારણે ૧૯૪૦-૪૬નાં છ વર્ષ કેન્યા છોડી મુખ્યત્વે મુંબઈ-જામનગરમાં રહેવું પડ્યું. રેમિંગ્ટન ટાઈપ રાઈટર નજરે પડ્યું, સેકન્ડ હેન્ડ, ખરીદ્યું, ટકાટક ટકાટક કરતાં જાતે જ ટાઈપિંગ શીખી લીધું. ત્યારથી જ ગુજરાતી ભાષાને આધુનિક ઉપકરણોનો લાભ મળવો જોઈએ તેવી ભાવના જાગી, તે માટે પ્રવૃત્ત થવાનાં બીજ નંખાયાં. યુદ્ધ સમાપ્ત થતાં પરત આફ્રિકા જઈ, ધંધામાં પૂરજોશથી ઝંપલાવ્યું; પણ સાથોસાથ ગુજરાતી ઈલેક્ટ્રોનિક ટાઈપ રાઈટર ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નોમાં કચાશ ન રાખી. વ્યાપારમાંથી સંપૂર્ણ નિવૃત્ત થવાનું નસીબ તો ક્યારેય કોઈનેય મળતું નથી. પરંતુ વ્યાપાર-ઉદ્યોગનો ભાર પછીની પેઢીએ ક્ષમતાપૂર્વક સંભાળી લેતાં રતિભાઈને ખાસ્સો અવકાશ અને અનુકૂળતા મળ્યાં. અને તે જ અરસામાં અલાદ્દીનના જાદૂઈ ચિરાગ સમું કમ્પ્યૂટર અવતર્યું ! ગુજરાતી ભાષાને તેના લાભો મળે તે માટે તેઓ એકચિત્તે લાગી રહ્યા. ગુજરાતી ભાષાના ફોન્ટ માટે સમય, સગવડ કે નાણાંની પરવા કર્યા વિના ગજબની દોડધામ કરી, ફોન્ટ વિકસાવીને જ જંપ્યા. પણ આ તો પાશેરામાં પહેલી પૂણી! લાગી પડ્યા ગુજરાતી શબ્દકોશોને વેબસાઈટ પર મૂકવાના પ્રકલ્પ પાછળ. આશાનિરાશાના આરોહઅવરોહ છતાં મંડ્યા રહ્યા બે દાયકાથી, તે જ્યાં સુધી તે પરિપૂર્ણ ન થયો ત્યાં સુધી. જૂજ વ્યક્તિઓ આફ્લોદયકર્મી - હાથ પર લીધેલું કામ ફળવંતુ ન બને ત્યાં સુધી મંડી રહેનારા- હોય છે. રતિભાઈમાં તેવા માનવનાં દર્શન થાય છે. વળી એમના સાત્ત્વિક લોભનેય થોભ નહીં, આ પ્રકલ્પ સાથોસાથ સ્વપ્નુ સેવ્યું સ્પેલચેકરના સર્જનનું અને પ્રકલ્પ સાથે તે પણ સાકાર કર્યું છે.

આ પ્રકલ્પનો એક અને મહત્ત્વનો ઉદ્દેશ એ કે ગુજરાત બહાર-દેશમાં અને વિદેશમાં સ્થાયી થયેલ ગુજરાતીઓની વર્તમાન અને ભાવિ પેઢીઓનો ગુજરાતી ભાષા સાથેનો નાતો જળવાઈ રહે. નવી પેઢી કાગળ-પેન્સિલ લઈ કક્કો ઘૂંટવા નહીં બેસે; પણ કમ્પ્યૂટરની **K**ની **Key** પર હળવું ટપ કરતાં **'ક'** મળશે તો તે કદાચ ગુજરાતી લખવા મન

PDF created with pdfFactory trial version www.pdffactory.com

અવશ્ય કરશે. તેને કદાચ અંગ્રેજી શબ્દ પ્રથમ સૂઝે તો તેનો ગુજરાતી પર્યાય અને નવો ગુજરાતી શબ્દ આંખે-કાને પડે તો તેનો અર્થ હાથવગો થાય તે પણ જરૂરી. આ બધા માટે આવા શબ્દકોશની વેબસાઈટની જરૂરિયાત.

ધીરુબહેને તેમના વક્તવ્યમાં સચોટ રીતે સમજાવ્યું કે વિદેશમાં જતો, વસતો, સ્થાયી થતો ગુજરાતી હરિયાળા વિકાસશીલવૃક્ષ તરીકે જાય, તે માટે તેનાં મૂળ અહીંની ધરતીમાં હોવાં જોઈએ જે માતૃભાષા દ્વારા જ શક્ય બને; કારણ કે માણસ વિચારી શકશે કોઈ પણ ભાષામાં પણ અંતરની અનુભૂતિ, હૃદયમાં ઉદ્દભવતી લાગણીની અભિવ્યક્તિ, સુપેરે પ્રગટ કરવા માટે તેને જરૂર પડશે માતૃભાષાની. માતૃભાષા સાથે અનુસંધાન નહીં જળવાઈ રહ્યું હોય, તો વિદેશમાં તે વસશે ઈમારતી લાકડાની જેમઃ જેનો ઉપયોગ શક્ય છે વિકાસ શક્ય નથી. ધીરુબહેને રતિભાઈના બે દાયકાના મમતાભર્યા યજ્ઞને તપ કહીને બિરદાવ્યો. અને ઉપસ્થિત સૌએ તે સબળ હાથે અને ઉમળકાભર્યા હૈયે ઝીલ્યો.

રતિભાઈએ પોતાના પ્રકલ્પના લોકાર્પણને કન્યાદાન સાથે સરખાવ્યો, ભારતીય કુટુંબ કન્યાદાન પછી પણ કન્યાનાં સુખશાંતિ, વિકાસ અને સમૃદ્ધિ માટે સતત જાગૃત, સતત ચિંતિત અને કર્મશીલ રહે છે. તેમ આ પ્રકલ્પ માટે પણ રતિભાઈ અને ચંદરયા પરિવાર પ્રતિબદ્ધ છે તેની પણ તેમણે ખાતરી આપી. તેમણે આનંદ વ્યક્ત કર્યો કે આ માટે યૌવન અને ઉત્સાહથી થનગનતા તરવરાટભર્યા ઉત્કર્ષ ગ્રુપનો સાથ સાંપડ્યો છે. હતાશામાં હતા, વધતી જતી ઉંમરને કારણે પ્રકલ્પ પરિપૂર્ણ થશે કે કેમ એમ થતું ત્યારે ધીરુબહેને પ્રકલ્પ પર નજર નાંખતાં જ તેની ગરિમા પ્રમાણી, ખરા હૃદયથી હાથ લંબાવ્યો, સાથ આપ્યો, જરૂરી બધું કરી છૂટવાનો સધિયારો આપ્યો અને તરત તે માટે લાગી પડ્યાં તેનું રતિભાઈએ ગૌરવ કર્યું.

પ્રકલ્પના લોકાર્પણ-વિધિ બાદ ઉત્કર્ષ ગ્રુપના અશોક કરણિયાએ તેમના સાથીઓની મદદથી વિશાળ સ્ક્રીન પર તે રજૂ કર્યો. તેના દરેક પાસાની સરળ પણ સચોટ સમજૂતી આપી. ઉપસ્થિત મહેમાનો પૈકી કમ્પ્યૂટરના જાણકાર જાતે જ તે ઓપરેટ કરી વેબ સાઈટ પર પોતાને ઈચ્છિત ભાગ જોઈ શકે તેવી તક પણ ઉપલબ્ધ કરવામાં આવી અને ઠીકઠીક અતિથિઓએ તેનો લાભ પણ લીધો.

ચંદરયા પરિવારના લગભગ બધા સભ્યો, પરિવારના આ વિશિષ્ટ પ્રસંગે ઉપસ્થિત હોય તે સ્વાભાવિક છે. રતિભાઈના નિકટના એનઆરઆઈ મિત્રો ઉપરાંત ભારતભરના સ્નેહીઓ હાજર હતા. નોંધપાત્ર એ કે કલા-સાહિત્યક્ષેત્રના દિગ્ગજો સુરેશ દલાલ, ઊર્મિ દેસાઈ, વર્ષા અડાલજા, મૌલિક કોટક, પુરુષોત્તમ ઉપાધ્યાય, શોભિત દેસાઈ, ગુલાબ ભેડા જેવા વિવિધ ક્ષેત્રનાં મહારથીઓએ પણ આ લોકાર્પણને બખૂબી માણ્યો અને પ્રમાણ્યો. રતિભાઈના વેવાઈ અને મિત્ર, બંગાળના ભૂતપૂર્વ ગવર્નર વિરેન શાહે તો રતિભાઈના આ કાર્યને બિરદાવી મૈત્રીદાવે આદેશાત્મક સ્વરે સંભળાવ્યું કે ૮૪ ભલે થયાં હજી શતં જીવ સાર્થક કરવાનું છે અને આ કામ ચાલુ રાખવાનું છે. સુરેશ દલાલે

PDF created with pdfFactory trial version www.pdffactory.com

લાગણી વ્યક્ત કરી કે ધીરુબહેનના વક્તવ્ય પછી હવે કંઈ કહેવાનો અવકાશ નથી. અને કહ્યું કે ધીરુબહેનનું વક્તવ્ય દરેક ગુજરાતીના હાથમાં પહોંચે તેવું થવું ઘટે.

જેની આ સમારંભમાં માત્ર જાહેરાત થઈ શકી તેવું આ પ્રકલ્પની અભિનંદનીય ભેટસમું(**complimentary**)પરંતુ તેથીય વિશિષ્ટ એવું, રતિભાઈનું કાર્ય છે; કમ્પ્યૂટર નિષ્ણાતોની સહાયથી સર્જિત, ગુજરાતીના સ્પેલ-ચેકરનું નિર્માણ. ગુજરાતી ભાષાની જોડણી સરળ નથી એવો મોટા ભાગના ભાષકોનો અનુભવ છે. મોટા ભાગના ભાષાશાસ્ત્રીઓ તારસ્વરે કહે છે કે તેના નિયમો સાચી જોડણી કરવામાં સહાયભૂત થાય તેવા નથી; આ સ્થિતિ છે ગુજરાતીની જોડણીની, ત્યારે સમજી શકાશે કે ગુજરાતીનો સ્પેલ-ચેકર, એ ગુજરાતી ભાષકો માટે કેવો મોટો આશીર્વાદ છે! ટૂંક સમયમાં જ ઉત્કર્ષ ગ્રુપ દ્વારા તેની સીડીના વિતરણનું આયોજન થશે.

આ પ્રકલ્પને પાર ઉતારવામાં અને આ લોકાર્પણ સમારંભના આયોજનમાં જે કોઈની સહેજ પણ સહાય સાંપડેલી તે તે સહુનો, સમયની પરવા કર્યા વિના, નામ જોગ અને તેઓ પૈકી જેઓ ઉપસ્થિત હતા તેમને તેમની જગ્યાએ ઊભા થવા વિનંતી કરીને, જાહેરમાં ઋણ વ્યક્ત કરવામાં ચંદરયા પરિવારની ખાનદાની અને નમ્રતાની પ્રતીતિ થઈ.

સમારંભ બાદ સરસ મઝાનું સાંધ્યભોજન માણતા અતિથિઓના ચહેરા પર અને નેત્રોમાં વર્તાતી હતી ગુજરાતી ભાષાના ઈતિહાસમાં સીમાસ્તંભ જેવી આ ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અને સ્તંભ ખડો કરનાર રતિભાઈ પ્રત્યે અહોભાવની ભીની લાગણી.

--બળવંત પટેલ--
પ્લોટઃ **667** સેક્ટરઃ **21**
'પંચશીલ'
**ગાંધીનગર-382 021–INDIA**
ફોનઃ **079-2223 0662**
**balvantpatel@icenet.net**
અક્ષરાંકનઃ **uttamgajjar@hotmail.com**
**January 26, 2006**

PDF created with pdfFactory trial version www.pdffactory.com